# ફૂલ ઝરે નિજ ફોરમ

(As the Flower Sheds its Fragrance)

આ પુસ્તકમાંના મોટા ભાગના અંશો 'આનંદ વાર્તા' ત્રૈમાસિકના ૧૯૫૪થી ૧૯૬૪ સુધીમાં પ્રકાશિત થયેલા અંકોનાં પાનાં પર 'Diary Leaves','Reminiscences' અને 'Mother's Methods' શીર્ષક હેઠળ છપાયેલાં છે.



**Phool Zare Nij Foram :** Gujarati Translation of 'As the Flower Sheds its Fragrance' - Diary leaves of a Devottee.

અનુવાદ : **શ્રીમતી નયના જાની**

© સર્વહક્ક પ્રકાશકને આધીન

પ્રત : ૨૦૦૦

કિંમત : રૂા. ૬૦/-

આવૃત્તિ : પ્રથમ-૨૦૦૬

પ્રકાશક : **શ્રી શ્રી મા આનંદમયી સંઘ**
કનખલ, હરદ્વાર-૨૪૯૪૦૮

સંપર્ક : **શ્રી શ્રી મા આનંદમયી સંઘ**
ભીમપુરા, ચાણોદ, પીન : ૩૯૧૧૦૫ જિ. વડોદરા

**ISBN 81 - 89558 - 19 - 6**

મુદ્રક : *સુરેશ પુરોહિત*
**સૂર્યા ઑફસેટ**
આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૫૮.
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨

~~~~~~~~~~~~~~~~~~~~~~~~ ~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# આમુખ

બ્રહ્મલીન આત્માનંદજી ઓસ્ટ્રીઆ દેશમાં જન્મ્યા હોવાથી તેમનામાં દરેક વ્યક્તિ, વસ્તુ, વાતાવરણનું વિશ્લેષણ કરવાનો સ્વભાવ સહજ હતો.

*શ્રી શ્રી* માના આશ્રમના સ્પર્શા-સ્પર્શના વાતાવરણમાં એક પાશ્ચાત્ય મહિલા માટે અસંભવ જેવું હતું છતાં અંતઃસ્તરની ઊંડાઈમાં સત્યપ્રાપ્તિની ધગશ હોવાથી માના અધ્યાત્મિક વ્યક્તિત્વથી એટલા પ્રભાવિત થયાં કે બહારના વાતાવરણને ગૌણ માની અધ્યાત્મિક લક્ષ્યને મુખ્ય ધ્યેય માની લીધું. શ્રી કૃષ્ણમૂર્તિ જેવા મહાન પુરુષને પણ છોડી આખું જીવન *શ્રી શ્રી* માના જીવનમાં સમર્પિત કરી દીધું.

આ પુસ્તકમાં જગા જગા પર આ ભાવનું દિગ્દર્શન થાય છે. પ્રત્યેક સાધકને વર્તમાન તેમજ ભવિષ્યની પેઢી માટે આ પુસ્તકમાંથી માર્ગદર્શન મળી રહેશે.

શુભેચ્છા અને મંગળકામના સાથે

ભીમપુરા - **સ્વામી ભાસ્કરાનંદ**

તા. ૨૩-૨-૨૦૦૬

## પ્રકાશકીય

બ્રહ્મલીન આત્માનંદજીનાં અંગ્રેજી પુસ્તક As the flower sheds its Fragranceનો ગુજરાતી અનુવાદ 'ફુલ ઝરે નિજ ફોરમ' ગુજરાતના સાધકવર્ગ સમક્ષ મુકતા આનંદ અનુભવું છું જે શ્રી શ્રી માના ભક્તોને તથા અન્ય સાધક વર્ગને માર્ગદર્શક બની રહેશે.

આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ તથા તેના પ્રુફ રીડીંગ વિગેરે કાર્યમાં આપેલ સેવા, સહયોગ બદલ હું શ્રીમતી નયના જાની તથા પુસ્તક પ્રકાશન માટે આર્થિક સહયોગ આપવા બદલ સ્વ. શ્રી રમેશભાઈ નાગરદાસ પટેલના પરિવારનો આભાર માનું છું.

ભીમપુરા — **પદ્મકાન્ત ત્રિવેદી**

તા. ૨૩-૨-૨૦૦૬ — પ્રમુખ

**શ્રી શ્રી મા આનંદમયી આશ્રમ**

ભીમપુરા, આશ્રમ સમિતિ

# આત્માનંદજી

(સંક્ષિપ્ત પરિચય)

આત્માનંદની આ પૃથ્વી પરની યાત્રાનો આરંભ જૂન ૭, ૧૯૦૪. સ્થળ વિયેના, ઓસ્ટ્રિયા. નામ બ્લેન્કા (Blanca). શ્રીમંત યહૂદી માતા-પિતાને ઘેર જન્મેલી આ બાલિકા કેવળ બે વર્ષની કુમળી વયે જન્મદાત્રી માતાને ગુમાવી બેઠી. દાદીમાએ વ્હાલથી ઉછેરી. પિતાએ ઉત્તમ શિક્ષણ મળે એની કાળજી રાખી. સોળ વર્ષની બ્લેન્કાએ એ સમયની સંસ્કૃતિ નગરી વિયેનામાં પોતાના પિયાનોવાદનના પ્રથમ જાહેર કાર્યક્રમથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

પરંતુ પછી તરત જ પ્રથમ વિશ્વયુદ્ધ વિભીષિકાના અનુભવ થકી બ્લેન્કાની જીવનદૃષ્ટિમાં એક પરિવર્તન આવ્યું, એક ગહેરાઈ આવી. જીવનને, જગતને, તત્ત્વને પામવા-સમજવાની ઝંખનાના બીજ વવાયાં. વાચન-વિચાર-મનોમંથનમાંથી કંઈક સમજવા મથતી કિશોરી તરુણી બ્લેન્કા એક વખત યુદ્ધથી નષ્ટ ભ્રષ્ટ થયેલી વિયેના નગરીના માર્ગો પરથી વિચારમગ્ન, અંતર્મુખ જેવી દશામાં પસાર થતી હતી ત્યાં અચાનક એને એક એવો અનુભવ થયો જેણે એનાં જીવનની દિશા બદલી નાખી. અચાનક એક ક્ષણ માટે સમગ્ર સૃષ્ટિ – જળ, વૃક્ષો, આકાશ અરે પથ્થરો સુદ્ધાં – ચેતનવંત, જીવંત જણાયાની એક દિવ્ય પ્રકાશથી વ્યાપ્ત, એકાકાર, દિવ્ય પ્રેમથી વિભૂષિતા !

એક જ ક્ષણ ! એ ક્ષણથી તરુણી બ્લેન્કા આ તત્ત્વને પામવાના જીવનકાર્યમાં સમર્પિત થઈ ગઈ. પહેલા થિયોસોફી અને ત્યાર પછી જે. કૃષ્ણમૂર્તિથી આરંભાયેલી અંતર્યાત્રા અંતે એને ભારતભૂમિના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં ખેંચી લાવી ત્યારે તે તરુણી રહી ન હતી. આ શોધ તેને લઈ ગઈ. દક્ષિણમાં અરુણાચલમ્ - ભગવાન શ્રી રમણ મહર્ષિ કને ! ત્યાં તેને શાતા વળી. હાશ થઈ. આત્મ - વિચારની ક્રિયા - દિશા - મળી. મહર્ષિનો સ્પષ્ટ સંકેત પ્રાપ્ત થયો. "you, ego get out.. I am your self until you have realized it." અનુભવ પ્રતીતિકર હતો પરંતુ પોતાની યાત્રાનું અંતિમ બિન્દુ જાણે જડતું ન હતું. અંતે એની તૃષ્ણા, એની વ્યાકુળતાએ એને લાવીને મૂકી શ્રી શ્રી મા આનંદમયીના

ખોળે. શિશુને માતા મળી ગઈ, માતાને એનું પોતાનું એક શિશુ. એની આત્મતત્ત્વને પામવાની ઝંખના અને એના 'ચરણો પરના કોઈક શુભ ચિહ્નો' જોઈને માએ નામ આપ્યું 'આત્માનંદ'. તેમને માટે આત્મતત્ત્વ અને શ્રી મા વચ્ચે કોઈ ભેદ ન હતો.

પશ્ચિમમાં જન્મીને પૂર્વમાં પધારેલી આ સાધિકાએ અનેક કષ્ટોને અવગણીને પણ માના દિવ્ય સાન્નિધ્યને પ્રાપ્ત કર્યું. સાવ જ જુદા વાતાવરણમાં અનુકૂલન સાધવાની મથામણમાં રડી પડેલી, અકળાઈને બગીચામાં વૃક્ષ નીચે જઈને બેઠેલી આ વિદેશિની સાધિકાને મા પોતે શોધવા નીકળ્યાં. તું ગમે ત્યાં જાય, તું મારી જ છે.'' મા આ શિશુની જેમ રડતી સાધિકાને માથે હાથ ફેરવીને પ્રેમથી છાની રાખે છે. મા તેના વિદેશી પરિધાનને બદલી પોતાની બે સાડી તેને ભેટ આપે છે. આત્માનંદ માના મુખની વાણીનો સ્વયમ્ આસ્વાદ કરી શકે તેવા હેતુથી હિન્દી-બંગાળી શીખે છે. ધ્યાનમાં तत्त्वमसी ના तत् તત્ત્વ સાથે માનું એકત્વ અનુભવે છે. શ્રી શ્રી માએ પોતે જ તેને નોંધપોથી લખવાનું સૂચન કર્યું હતું જેથી પોતે જ પોતાને વધુ સમજીને માર્ગ પર આગળ વધી શકે. આ નોંધપોથી દ્વારા આપણને આત્માનંદજીની આધ્યાત્મયાત્રાની એક ઝલક તો મળે જ છે પરંતુ તે ઉપરાંત તે આપણે માટે એક અમૂલ્ય દસ્તાવેજ છે. સાક્ષાત્ માના સાન્નિધ્યની ક્ષણોનો આલેખ આપણને એ ક્ષણોમાં લઈ જાય છે.

આત્માનંદજી ૧૯૪૩માં માના સંપર્કમાં આવ્યા. ધીમે ધીમે સઘન સંપર્ક પછી સઘળું છોડી આશ્રમવાસી બન્યા. ''આનંદવાર્તા''નું સંપાદન કાર્ય કુશળતાપૂર્વક સંભાળ્યું. ૧૯૬૫માં માના એક ડચ ભક્તે દહેરાદૂન પાસે ''કલ્યાણવન'માં એક નાનકડું નિવાસસ્થાન બનાવી આપ્યું. માના આશ્રમનું આ તપોવન જેવું સ્થળ તેમને અનુકૂળ આવ્યું. ત્યાંથી તેઓ ચાલીને એક માઈલ દૂર આવેલા કિશનપૂર આશ્રમમાં દરરોજ જતાં અને કીર્તન કરાવતાં માને શોધતા આવેલા વિદેશીઓને તેઓ પ્રેમથી સહાય કરતા. બનારસના એક પ્રસિદ્ધ જ્યોતિષીએ તેમનો આયુષ્યકાળ ૭૪ વર્ષનો ભાખ્યો હતો, લગભગ આ આયુષ્યે પહોંચ્યાના ગાળામાં તેમણે શ્રી માને આ વિષે હસતા હસતા વાત કરી. માએ કહ્યું. ''સરસ, હવે તમારું આયુષ્ય

પૂર્ણ થયું છે એમ વિચારો. હવે મારો સમય છે અને તમારું જીવન હવે મારું જ છે." તે પછી તેમનું સ્વાસ્થ્ય સુધરી ગયું અને શક્તિનો અનુભવ થવા લાગ્યો. ૧૯૭૯ના ગાળામાં માએ આત્માનંદને ગયા મોકલી આપી ત્યાં પંડિતો પાસે પોતાનું (આત્માનંદજીનું સ્વયં) અંતિમ શ્રાદ્ધકર્મ કરાવી દીધું. તેઓ ભગવા તો પહેરતાં હતાં પરંતુ આ તેમનો ખરેખરો સંન્યાસવિધિ હતો. તેમણે આ હકીકતો ખાસ કોઈને જણાવી ન હતી પરંતુ રામ એલેકઝાન્ડર નામના એક વિદેશી ભક્તને તેમણે આ વાતો જણાવી હતી. ૧૯૮૨ના નવેમ્બર માસની ૨૭મી તારીખે શ્રી શ્રી માએ તેમના સ્થૂલ દેહનો ત્યાગ કર્યો તે પછી પણ આત્માનંદજી માનું કાર્ય કરતાં રહ્યાં. ૧૯૮૫માં ૨૪ સપ્ટેમ્બરે પોતાનું મૃત્યુ નજીક જાણી માના સમાધિસ્થાન પર કનખલ આવ્યાં. ત્યાંની એક ધર્મશાળામાં કાથીના ખાટલા પર મેલિતા નામની વિદેશીની ભક્ત (Melita Maschmann)ની સંભાળમાં રહ્યા. 'માતૃલીલા' (I am ever with you) પુસ્તક પ્રકાશિત કરવાની ભલામણ કરતાં રહ્યાં. બીજે દિવસે યોગિનીની જેમ, આટલા દેહકષ્ટમાં પણ ટટ્ટાર બેસીને સતત હોઠ પર માના નામ સાથે તેમણે દેહત્યાગ કર્યો. તેમના પદ્માસનસ્થ તપઃક્ષીણ દેહને આશ્રમવાસી બાલાઓ દ્વારા શુદ્ધ કરી, માલા-ચંદનથી વિભૂષિત કરી ગંગા જલમાં, કેવળ સંન્યાસીઓ માટે નિયત થયેલ સ્થાન પર વિધિવત્ સમાધિ આપવામાં આવી.

આત્માનંદજીના અક્ષરદેહ રૂપે જે શેષ રહ્યું તે સઘળું આપણને શ્રી શ્રી માના સાક્ષાત્ સાન્નિધ્યનો અનુભવ કરાવે છે. શ્રી ગુરુપ્રિયાદીદીની નોંધપોથીની જેમ આ પણ માસ્ટર મશાયે શ્રી પરમહંસદેવ રામકૃષ્ણ ઠાકુરના સાન્નિધ્યની લખેલી નોંધો જેવો જ દિવ્યક્ષણોનો આલેખ છે. જેમ 'રામકૃષ્ણ કથામૃત' તેમ જ આ 'ફૂલ ઝરે નિજ ગંધ' જગતભરના દિવ્યમાર્ગના યાત્રીઓ માટે અમૃતપાન સમાન છે. આ વાંચનાર સહુને શ્રી શ્રી મા આનંદમયીના પાવન દિવ્ય સાન્નિધ્યનો, તેમના આભામંડળમાં સહભાગી થવાનો અનુભવ થાય તેવી કૃપામયી શ્રી માને પ્રાર્થના. અસ્તુ.

જય મા.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આમુખ | ૦૧ |
| ૨. | પ્રકાશકીય | ૦૩ |
| ૩. | આત્માનંદજી (સંક્ષિપ્ત પરિચય) | ૦૫ |
| ૪. | પ્રાસ્તાવિક | ૦૯ |
| ૫. | શ્રી શ્રી મા આનન્દમયી (૧૮૯૬-૧૯૮૨) | ૧૧ |
| ૬. | નિવેદન | ૧૭ |
| ૭. | નોંધપોથીનાં પાનાં | ૩૧ |
| | ભાગ-૧ ૧૯૪૭-૧૯૫૪ | ૩૨ |
| | ભાગ-૨ સોલનમાં સત્સંગ મે-જુન, ૧૯૫૫ | ૯૯ |
| | ભાગ-૩ ૧૯૫૬-૧૯૬૩ | ૧૨૯ |
| ૮. | માતાજીની કાર્યપધ્ધતિઓ | ૨૧૦ |
| ૯. | વિશેષ નિર્દેશો | ૨૧૫ |

# પ્રાસ્તાવિક

આ પુસ્તક પોતે જ પોતાનો પરિચય આપવા માટે પર્યાપ્ત છે છતાં આનો પરિચય આપતા થોડાક શબ્દો લખવા માટે મને કહેવામાં આવ્યું છે.

શ્રી આનંદમયી મા સદેહે આપણી સાથે નથી એ માનવું મુશ્કેલ છે. કેટલાયને તો માનું જીવંત સાન્નિધ્ય સતત પ્રતીત થાય છે. તેથી, હું તેમનો ઉલ્લેખ ભૂતકાળમાં કરું તે તો મારી દૃષ્ટિ મર્યાદાને કારણે અને આ નોંધો તેમના ૧૯૫૦ના ગાળામાં સંસ્મરણોમાંથી હોવાને કારણે. હું વર્ણનાત્મક રીતે, વર્ષોના શ્રી આનંદમયી માના સઘન સંસ્પર્શની ગાઢ અસર જેણે અનુભવી છે એવી પશ્ચિમની એક વ્યક્તિ તરીકે લખું છું; જેઓ તેમને કદી મળ્યા નથી અથવા ક્યારેક જ અલપઝલપ દર્શન કર્યાં છે તે સહુને વિશેષભાવે સંબોધવાનું મને ગમશે. જેઓ શ્રી માને મારા કરતાં ઘણી વધુ સારી રીતે જાણતાં હતાં તે સૌ મારા પોતાના અનુભવ અને સમજણની મર્યાદા બદલ મને ક્ષમા કરે.

શ્રી મા જેવી કલ્પનાતીત અસાધારણ સૂક્ષ્મતા ધરાવનાર હસ્તી વિશેની રજૂઆત કરવા માટેની પદ્ધતિઓમાં વર્ણનાત્મક પદ્ધતિની ક્ષમતા સાવ ઓછી પડે. રત્નગર્ભા ભારતભૂમિ તો, અલબત્ત આત્મસાક્ષાત્કારના શિખરે આરૂઢ અને અસાધારણ આધ્યાત્મિક ઉન્નતિને વરેલા સિદ્ધોને જન્મ આપવા માટે સુવિખ્યાત છે - સંતો, ઋષિમુનિઓ, વેદાન્તીઓ, સહજપંથીઓ, શુદ્ધ જ્ઞાનથી આલોકિત પ્રજ્ઞાવંતો, ભક્તિના અપાર માધુર્યથી મંડિત ભક્તજનો, યોગ પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા શ્રેષ્ઠ યોગીઓ - દિવ્ય પ્રેરણાના પ્રકાશથી ઉજ્જવલ પવિત્ર નરનારીઓ-અરણ્યમાં ખીલતાં પુષ્પો જેવું જ અપાર વૈવિધ્ય ! પ્રત્યેક અદ્વિતીય, અનન્ય! જો કે શિષ્યને માટે અથવા ભક્તને માટે પોતાના ગુરુ તો એક જ, કેમ કે ગુરુ એટલે એકમેવા- દ્વિતીય, પ્રિયાતિપ્રિય.

મને પોતાને સ્પષ્ટપણે લાગે છે કે આ પુસ્તક માત્ર કોઈ એક સાંસ્કૃતિક ઘટનાના ભાગરૂપે વ્યક્તિના ઉપદેશની વાત નથી કરતું, કોઈક સામયિક વલણનું પ્રતિનિધિત્વ કરનાર વ્યક્તિની અહીં વાત નથી. અહીં તો આપણા મર્યાદિત અને સીમાબદ્ધ ડહાપણની, આપણી જ્ઞાત અવસ્થાઓની પેલે પારની વિભૂતિના ઉપદેશોનો ઉત્સવ રચાય છે એવું મને સ્પષ્ટ દેખાય છે. શ્રી આનન્દમયીમા નારી હતાં, બંગાળી હતાં, જાણકારો માટે પ્રાતઃ સ્મરણીય, પુણ્યશ્લોક નામ. ભારતમાં કોઈ એક વ્યક્તિ આપણા સમયમાં આટલી ત્વરાથી,

આવી જ્ઞાનયુક્ત વાણી અને આટલો ગહન આધ્યાત્મિક ઉપદેશ લઈને આટલા બધા મનુષ્યો સુધી પહોંચી નથી. છતાં પણ શ્રી 'મા'માં એક વિશિષ્ટતા, એક લાક્ષણિકતા, એક અવ્યાખ્યેય વિલક્ષણતા છે, એક અકળ, અનિર્વચનીય માનવસહજ વ્યાખ્યાની સીમાના છેડાને સ્પર્શી જતું તત્ત્વ છે જેને લીધે 'માનવીય' એવું વિશેષણ તેમને લાગુ પાડવા જતાં સાવ જ અપર્યાપ્ત નિવડે છે અને 'દિવ્ય' વિશેષણ ક્ષુદ્ર લાગે છે. એવું સર્વમાન્ય રીતે સ્વીકારવામાં આવે છે કે તેઓ કેવળ અનન્ય હતાં, એકમેવાદ્વિતીય હતાં.

આ અનન્યતાના દાવામાં માત્ર અતિશયોક્તિ કરતાં કંઈક ઘણું વધારે છે. તે બાબતનો ખ્યાલ એ હકીકત પરથી આવે છે કે તેમની આજુબાજુમાં સહુ જ્યારે સંપૂર્ણતાને પામવાના અને પ્રયત્નપૂર્વક પુરુષાર્થ કરવાના સિદ્ધાન્તને વરેલાં હતાં, ત્યારે શ્રી મા આજીવન સહજ પૂર્ણતાના શિખર પર હતાં. શ્રી આનન્દમયીમાની પ્રકૃતિના નિરપવાદ માધુર્યને જોઈને જન્મસમયે તેમનું નામ 'નિર્મલા' - જે નિષ્કલંક, શુદ્ધ છે તેવી - પાડવામાં આવ્યું હતું. તેમના જીવનના પ્રારંભથી તેમનો ભાવ લોકોને ચુંબકની જેમ આકર્ષિત કરતો, જે પરંપરાગત સાધનાના સ્વયંસ્ફૂર્ત ઉન્મેષના અંશો તેમનામાં વારંવાર જાણે કે વણબોલાવ્યા પ્રકટ થતા તે તો સહજ લીલાના સ્વભાવના-પૂર્ણતા છલક્યા કરે તેવા - હતાં. તેમાં પૂર્ણતા સિદ્ધ કરવા માટેનો સહેતુક પ્રયત્ન ન હતો.

શ્રી આનન્દમયીમા માટે કોઈ એક નિશ્ચિત સંપ્રદાય, પંથ કે વાદમાં માન્યતા ધરાવવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. તેઓ કોઈ એક નિશ્ચિત પદ્ધતિથી ઉપાસના કે ક્રિયા ન કરતાં અને નિયમિત રીતે યોગ કે જપ પણ ન કરતાં. આવી પ્રવૃત્તિઓમાં તેઓ સમ્મિલિત થતાં તો તે પણ કેવળ લીલાભાવથી. આપણા મનની સીમિત સમજણ દ્વારા અથવા આવી કોઈ ઘટનાની અપરિચિતતાને આધારે માત્ર એમ અનુમાન કરી શકાય કે જ્યાં આવી પ્રવૃત્તિ જ અપ્રસ્તુત છે, ત્યાં, તેની પેલે પારની ભૂમિકા પર તેઓ જન્મથી જ સ્થિત હતાં.

જેઓ શ્રી આનન્દમયીમાને જાણતા તે પ્રત્યેકને તેમની અદ્‌ભુત કાર્યરીતિ અંગે, તેમનાં પ્રેમ, કરુણા, આંતરસૂઝ, જ્ઞાન અને વ્યવહારદક્ષતા અંગેની કંઈ ને કંઈ વાતો કહેવાની છે. આધ્યાત્મિક જીવનને લગતી પ્રત્યેક ભૂમિકાએ અને પ્રત્યેક ક્ષેત્રમાં તેમની એક સરખી કાર્યક્ષમતા ! તેમની અનેકવિધ શક્તિઓની ગહનતાની અને તેના વૈવિધ્યની આ પુસ્તકના પ્રત્યેક પાના પર સાબિતી મળે છે.

શ્રી'મા' પૂર્વગ્રહના કલંકથી એટલા બધા મુક્ત હતાં, સર્વ કોઈને એટલાં બધાં સુલભ હતાં કે પ્રત્યેકને લાગતું કે તેઓ પોતાની અંતરતમ આવશ્યકતાને અચૂક ચોકસાઈપૂર્વક પૂર્ણ કરે છે. તેમને સમજવામાં કોઈ નિષ્ફળ ન જતું કેમ કે જે ભૂમિકાએ આપણે બધાં જ પરમેશ્વરનાં સંતાનો છીએ તે ભૂમિકા પર જ તેઓ સહુને સંબોધન કરતાં. શ્રીમાના સામર્થ્યની ગુણવત્તા - એકદમ સ્ત્રી સહજ - એક સુગંધ જેવી અથવા દૂર સુદૂરના ઘંટારવ જેવી સૂક્ષ્મ, સર્વવ્યાપી, પકડાય નહિ તેવી (તેના વિષે લખવું તો તેથી યે વધુ મુશ્કેલ) અતિ સૂક્ષ્મ મહાશક્તિની પ્રતીતિ કરાવે છે. કેમ કે માતાજી હંમેશાં પોતાની વાણીનું ઉચ્ચારણ સાવ સરળતાપૂર્વક, હળવાશથી, અચકાયા વિના કરતાં છતાં તેમનાં જેવી સંપૂર્ણ સત્તાવાહિતા અને આત્યંતિક નિશ્ચિતતાથી બોલનારું કોઈ મારી જાણમાં નથી.

વર્ષો સુધી તેમના સાન્નિધ્યમાં રહેનારાઓને માટે, ખાસ કરીને તેમના આશ્રમોના નિવાસીઓ કે મુલાકાતીઓ માટે એક વિશેષ પરિમાણ પણ હતું - શ્રીમાની અસાધારણ આયોજન કુશળતા, વિગતોની પકડ, યથાયોગ્ય સમયે પરસ્પર - વિરોધી સલાહ કે સૂચન અત્યંત ચોકસાઈપૂર્વક આપવાની તેમની અસીમ ક્ષમતા. જે રીતે શ્રીમા કેટલાંય નોંધપાત્ર અને વિશિષ્ટ કુટુંબોમાં કેટલીયે પેઢીઓના અનિવાર્યપણે માર્ગદર્શક બન્યાં તે આ ક્ષેત્રમાં તેમની નિપુણતાનો પુરાવો છે. આમ તેઓ માત્ર ઉચ્ચ આધ્યાત્મિક શક્તિઓનું શરણાગત પ્રત્યે કરુણાનું ઉદાહરણ આપનાર છે તેટલે જ નહિ પરંતુ પરમાત્માની સેવામાં કાર્યરત રહેનારનો પણ નમૂનો છે. આ ટીકા કદાચ દુન્યવી લાગે પરંતુ જે રીતે વધુ ચિંતનશીલ માનસને શ્રીમાનું તેજસ્વી અસ્તિત્વ પ્રાણ સમાન, તે જ રીતે ભક્તોના કલ્યાણ માટે તેમનાં સૂચનોની નક્કરતા, તેમની કાર્યકુશળતાનું દૃઢતાપૂર્વક પ્રકટ થવું અને બીજાંઓને તેમ કરવા પ્રેરવું ભક્તો માટે એટલું જ જરૂરી.

મજાની વાત તો એ છે કે માની બંગાળી અને હિંદી બોલીનું માધુર્ય, એની મીઠાશ આ છાપેલા પાના પર નષ્ટ થઈ જવાં છતાં પણ આ રોજનીશીનાં પાનાંમાં, તેમના શબ્દના નિષ્કલંક, સ્વચ્છ, સહજ સરળ અનુવાદમાં તેમના અવાજનો અનુપમ, અનન્ય રણકો સંભળાય છે. તેમના શબ્દોની સરળતા, વેધકતા અને શણગાર વગરની સંક્ષેપાત્મકતા છતાં તેમના શબ્દોનું મૂળ ક્યાં છે તે ઓળખવામાં ભૂલ ન થાય. કદાચ એ શબ્દો અતિ સરળ હોવાની સાથે સાથે એટલા જ તીવ્ર, અસરકારક છે તે કારણે આમ થયું છે. શ્રીમા પ્રશ્નનો

ઉત્તર આપતાં હોય, કોઈ કથા કહેતાં હોય કે પછી સલાહ આપતાં હોય, તેમનો એકે એક શબ્દ તીરની ત્વરા અને વેધકતાથી આપણા અંતરતમના તમસને વીંધે છે અથવા આપણા અસ્તિત્વના અચલ કેન્દ્રમાંની ઝળહળાટથી અંજાઈ ગયેલી આપણી ચેતનાનો લક્ષ્યવેધ કરે છે. વિંધ્યાચલમાં રોજ સંધ્યાકાળે ભેગા થતા થોડાક લોકો સાથેના શ્રીમાના વાર્તાલાપો મારાથી કદી વિસરાશે નહિ તેમની અમૃતભરી અને સ્પષ્ટ વાણીનો સ્રોત પર્વત પરથી ચમક ચમક થતા રંગરંગીન પથ્થરો પર નિર્બન્ધ વહેતાં જળ જેવો, ઝર્યા કરતો, વહ્યા કરતો.

આ બધી કવિતાનો મારે માટે શો અર્થ તે સમજાવવા માટે મારે એક જ ઉપમા પસંદ કરવાની હોય તો હું એમ કહું કે આત્મા આપણા ક્ષુદ્ર અહંકારના નાટકીવેડાથી જેટલો પર છે તેટલા જ શ્રી મા મર્ત્યલોકની સામાન્ય રીતિઓથી પર હતાં. તેઓ હતાં સમગ્ર સારભૂત તત્ત્વ-સત્ત્વના અર્કનું આ ધરતી પર આપણને મળી શકે તેટલું ઘનીભૂત સ્વરૂપ : સ્વયંપ્રકાશ, સાક્ષાત્કાર. તેઓ આપણા સાધારણ ભારણોનાં બંધનથી એટલાં બધા મુક્ત હતાં કે તેમની સમીપે કાન દઈને ધ્યાનથી સાંભળો તો સંભળાય શુદ્ધ સત્ય અસ્તિત્વ.

શ્રી આનંદમયીમાનું લક્ષ્ય કેવળ એક છે અને એક જ વિષય પર કેન્દ્રિત થયેલું છે. તેમના વાર્તાલાપમાં કશું જ અપ્રસ્તુત, અસંગત નથી. પારિભાષિકતામાં સરી પડીને માર્ગ ચાતરવાનું પણ નથી. કૃત્રિમ ચળકાટનો કે બિનજરૂરી રહસ્યાચ્છાદનો અંશમાત્ર નથી. કોઈ ગુપ્ત, ગૂઢ સિદ્ધાન્તની ઘોષણા નથી. તેમના કથનનો તકાજો ટાળ્યો ન ટળાય તેવો છે. રહસ્યવાદ અને પ્રતીકવાદના રંગબેરંગી તરંગો અને તુક્કાઓ ગમે તેવા ચતુરાઈભર્યા હોય તો પણ તેના પર થંભી જવામાં એક ક્ષણ પણ નિરર્થક જવા દેવામાં આવતી નથી. આત્મતુષ્ટ પ્રમાદને તેઓ પુરુસ્કૃત કરતાં નથી. એમણે હાથ ધરેલ વાતનું સીધું લક્ષ્ય તો છે સમગ્ર માનવજાતને એક કરતું, સરળમાં સરળ અને સૌને પહોંચવાનું, તત્કાળ પૂરેપૂરું સૌને પમાય એવું પેલું - એકમેવત્વ !

નોરફોક, મે, ૧૯૮૩

- રિચાર્ડ લેનોય

# શ્રી શ્રી મા આનન્દમયી

## ૧૮૯૬-૧૯૮૨

મા આનન્દમયી તો દિવ્યનું અદ્વિતીય અવતરણ-અવ્યક્તનો અનુપમ આવિષ્કાર. તેમણે કદી પોતાની જાતને પોતાના દેહ તરીકે જોઈ ન હતી : તેમને માટે કોઈ 'અન્ય' નથી, પોતાથી જુદું નથી; દ્વિતીય નથી, છે માત્ર એક અદ્વિતીય 'તત્', અનેક રૂપોમાં કેવળ એક તે જ - એમાં કોઈનો ય પરિહાર થઈ શકે એવું નથી. એમના સ્વરૂપ વિષેના જીજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તરમાં મા કહેતાં : ''હું કોણ છું જાણો છો ? તમે જે સમજો, જાણો, વિચારો, તે.''

આપણી ઈન્દ્રિયગ્રાહ્યતાથી એમના પર હોવા માત્રથી ભૌતિક જગતમાં એક મોટો અવકાશ રચાઈ જાય છે, જ્યારે, સમગ્ર વિશ્વમાં જે તેમની ઉત્કટતાપૂર્વક ઝંખના કરે છે તે સહુને શ્રી માના પ્રેમમય કલ્યાણમય અસ્તિત્વની અનુભૂતિ થાય છે.

શ્રી મા પોતાના તેજસ્વી મંગલમય વ્યક્તિત્વના અદમ્ય આકર્ષણ માટે, પોતાની અપાર કરુણા માટે અને તેમની પ્રખર વૈશ્વિકતા માટે પ્રસિદ્ધ છે.

''દરેક વ્યક્તિ પોતપોતાના દૃષ્ટિબિન્દુથી સાચી છે'' તેઓ કહેતાં. તેઓ કહેતાં કે 'કોઈ બે વ્યક્તિની એકસરખી સાધનાપદ્ધતિ હોઈ શકે નહીં.' તેઓ કહેતાં : 'માર્ગ તો એક જ છે' એમ કહેવું એ તો અનન્તને સાન્ત કરવા જેવું, નિઃસીમને સીમામાં બાંધવા જેવું.'' વળી તેઓ કહેતાં : ''આટલા બધા ધર્મસંપ્રદાયો અને પંથો શા માટે છે જાણો છો ? કેમ કે એમાંના પ્રત્યેક દ્વારા 'તે' પોતાને પોતાની પાસે પ્રકટ કરે છે જેથી કરીને દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિ પ્રમાણે આગળ વધી શકે. એક મનીષી મહાત્માએ કહ્યું છે : ''માતા ધરતી જેમ એકે એક બીજાંકુરને વિકસવા માટે જે કંઈ પોષક દ્રવ્યો આવશ્યક હોય તે આપે છે તેમ આનન્દમયી મા પ્રત્યેક મુમુક્ષુને પોતાના આગવા વ્યક્તિત્વને માટે આવશ્યક માર્ગદર્શન આપે છે.''

હજારો વ્યક્તિઓનો એવો અનુભવ હતો કે પ્રત્યેક સાચા જીજ્ઞાસુ સત્યશોધકને માટે શ્રીમા પાસે યોગ્ય સમયે યોગ્ય શબ્દ હોય જ.

અનંત રીતે અભિવ્યક્ત થતી શ્રીમાની વાણીનો સાર આ છે : ''પ્રત્યેક

મનુષ્યના જીવનનું પરમ લક્ષ્ય છે આત્મસાક્ષાત્કાર. તે સિવાયના બધા જ કર્તવ્યો ગૌણ છે. ''દૈવી પ્રકૃતિને ઉદ્દીપિત કરનારાં કર્મો જ કર્મો કહેવાય.'' જો કે તેઓ સહુ કોઈને સંન્યાસ લેવાનું કહેતાં નહિ. સંસારમાં રહીને પ્રભુપરાયણ જીવન જીવતાં એમણે શીખવ્યું અને હજારો આ ભવ્ય આદર્શ પ્રત્યે પ્રેરાય તેવી પ્રબળ જીવંત પ્રેરણા પૂરી પાડી. તેમના સંસર્ગ માત્રથી અનેક નરનારીઓનાં ચિત્ત ઈશ્વરાભિમુખ થઈ પોતાના અસ્તિત્વના કેન્દ્ર એવા દિવ્ય તત્ત્વ પ્રતિ વળ્યાં.

પૂર્વબંગમાં પેઢી દર પેઢીથી જ્યાં ઋષિઓની પરંપરા જીવંત હતી એવા બ્રાહ્મણ કુલનું સંતાન શ્રી આનન્દમયી મા. માતાપિતા બન્ને સંતપ્રકૃતિનાં. શ્રી માનું નામકરણ કર્યું નિર્મલા સુન્દરી. બાલિકા જન્મથી જ પૂર્ણ જાગ્રત. મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજ કહે છે : ''અનાદિ કાળથી પોતાનું સ્વરૂપ શું છે, નિરંતર એ જ હોવાનું, એ અંગે તેઓ જન્મથી જ જાગ્રત હતાં અને તે ક્ષણથી જ એમને એવું જ્ઞાન હતું કે એમના આત્મસ્થ સ્વરૂપમાંથી ક્ષણભર પણ ચ્યુત થવાની કોઈ જ સંભાવના ન હતી, એમ કહેવાય છે.''

શિશુ અવસ્થામાં પણ ''જો હો જાય'' - પરમાત્માની સંકલ્પશક્તિની નિરપેક્ષ શરણાગતિ - એ પોતાના જીવનસૂત્ર પ્રમાણે રહ્યાં. ક્યારેય કોઈ ઈચ્છા પ્રકટ કરી નહિ. જન્મ્યા ત્યારે કે તે પછી રડ્યાં નહિ, માત્ર માતાને પુત્રોનાં અકાળ મૃત્યુના આઘાતનું અસહ્ય દુઃખ હતું તેમાંથી તેમનું ધ્યાન બીજે ખેંચાય તે માટે લીલાથી રડ્યાં. નિરંતર આનંદમય સ્વરૂપ અને કોઈને પણ સહાય કરવાની તત્પરતા. તે વયે પણ અસાધારણ આકર્ષક રૂપ, ગામમાં એકેએકને અત્યંત પ્રિય. માંડ એક-બે વર્ષ ગામડાની ધૂળી નિશાળમાં ગયાં.

તેર વર્ષ પૂરા થતાં પહેલાં એમનાં લગ્ન થયાં, પરંતુ એક વર્ષ માતા-પિતા સાથે રહ્યાં. તે પછી જેઠના કુટુંબમાં ચાર વર્ષ રહ્યાં. અપ્રતિમ કુશળતાપૂર્વક ઘરકામ કર્યું. અઢાર વર્ષે પતિ સાથે રહેવા આવ્યાં, જેમને પછીથી તેઓ ''ભોલાનાથ' કે ''પિતાજી'' કહીને બોલાવતાં. એમણે શ્રીમાને એવી પ્રભાવજનક પવિત્રતાની આભાથી વીંટળાયેલાં જોયાં કે જેમાં લગ્નજીવનની લૌકિકતાને અવકાશ જ ન હતો. છ વર્ષ સુધી તેમણે વીજળીવેગે અગણિત અધ્યાત્મ માર્ગો પર પૂર્ણરૂપે વિચરણ કર્યું. તેમણે પોતે આને પોતાની ''સાધનાની

લીલા'' તરીકે ઓળખાવી કેમ કે તેમને માટે કંઈ સિદ્ધ કરવાપણું તો હતું જ નહિ. ૧૯૨૨માં ભોલાનાથ તેમના વિધિવત્ શિષ્ય બન્યા. ભોલાનાથ આધ્યાત્મિક ઉન્નતિને પ્રાપ્ત કરી ૧૯૩૮માં સંન્યાસી તરીકે નિર્વાણ પામ્યા ત્યાં સુધી માના એકનિષ્ઠ સંરક્ષક બની રહ્યા.

૧૯૨૪માં ભોલાનાથ ઢાકા ખાતેના શાહબાગના મેનેજર નિયુક્ત થયા. આ સ્થળે નિર્મલા વૈષ્ણવ સાહિત્યમાં વર્ણવેલ ચૈતન્ય મહાપ્રભુના મહાભાવ જેવા મહાભાવની સ્થિતિમાં કીર્તનના સમયે દેખાવા લાગ્યાં. ભણેલા-ગણેલા લોકો તેમની આસપાસ એકત્રિત થવા લાગ્યા અને સપરિવાર એમના આજન્મ ભક્તો બની ગયા. ૧૯૨૯માં તેઓએ મા માટે આશ્રમ બાંધ્યો. ૧૯૨૭માં તો તેઓ બંગાળની બહાર નીકળી ગયાં હતાં. ૧૯૩૨માં ઢાકા છોડી દીધું અને સહુના કલ્યાણ માટે પરિભ્રમણ કરવા લાગ્યાં. પહેલાં તેઓ દહેરાદૂન આવીને રહ્યાં. ધીમે ધીમે લોકો આકર્ષાતા ગયા અને નવી ભક્તમંડળી બનતી ગઈ. ૧૯૩૬માં ત્યાં કિશનપુર આશ્રમની રચના થઈ. આ એ જ સ્થળ જ્યાં સમગ્ર ભારતમાં વિચરતા શ્રી માએ ઓગસ્ટ, ૧૯૮૨માં દેહ છોડ્યો.

સમગ્ર ભારતમાં તેમનું અવિરત પરિભ્રમણ લગભગ પચાસ વર્ષ સુધી ચાલ્યું. લાખો ભારતવાસીઓએ અને સેંકડો વિદેશીઓએ એમનાં દર્શન કર્યાં. એમણે કીર્તનને પ્રોત્સાહન આપ્યું અને ક્યારેક મધુર મનમોહક ગાન પણ કર્યું. એમણે ક્યારેય પ્રવચનો ન કર્યાં પરંતુ તેઓ ભક્તોના પ્રશ્નોના ઉત્તર આપતાં. એમની કોઈ પણ પદ્ધતિ કે વાદોથી મુક્ત, નિર્બન્ધ સહજ-સ્ફૂર્ત વાણીમાં વહેતા સીધા, સોંસરવા, અસ્ખલિત ઉત્તરો ભલભલા સાધુઓ, વિશ્વવિખ્યાત પંડિતો, તત્ત્વદર્શીઓ, વેપારીઓ, વિદેશના એલચીઓ, રાજા મહારાજાઓ અને રાણીઓ, કલાકારો, ડૉક્ટરો, વકીલો અને રાજકારણીઓને મંત્રમુગ્ધ કરી દેતા. એમના જ્ઞાનની ગહનતા અને એમની અભિવ્યક્તિની અસ્ખલિત ધારાથી બધા જ પ્રભાવિત થતા.

માત્ર સત્‌ને શોધનારા સાધકો માટે જ નહિ, માત્ર ભણેલા વર્ગ માટે જ નહિ પરન્તુ નિરક્ષર ખેડૂતો માટે, શ્રમજીવીઓ માટે, મનથી ભાંગી પડેલા કે માનસિક તકલીફોથી ગ્રસ્ત લોકો માટે, અતિચારીઓ અને દુરાચારીઓ માટે સહુને માટે આનન્દમયી મા પાસે એક સંદેશ છે :

"આ શરીર લાખ દર્દોની એક જ ઔષધિ બતાવે છે : પરમાત્મા. એમનામાં શ્રદ્ધા રાખો, એમનું અવલંબન કરો, જે કંઈ બને તે એમનું આપેલું સમજીને સ્વીકારી લો, જે કંઈ કરો તે એમની સેવા સમજીને કરો, સત્સંગ રાખો, શ્વાસે શ્વાસે એમનો વિચાર કરો, પ્રભુમય થઈને જીવો. તમારો બધો જ ભાર એના હાથમાં છોડી દો તો એ બધું જ સંભાળી લેશે અને પછી કોઈ સમસ્યાઓ રહેશે નહિ."

મા પોતાને "નાનકડી નિરક્ષર બચ્ચી" કહે છે અને કોઈ જ પ્રકારની આધ્યાત્મિક સ્થિતિનો દાવો કરતાં નથી, છતાં દેશની મહાન આધ્યાત્મિક વ્યક્તિઓ અને કેટલાયે વિદ્વાન સંન્યાસીઓ માને માટે પરમ આદર ધરાવે છે.

આનન્દમયી મા સનાતન ધર્મની પરંપરાને અને શાસ્ત્રોની આજ્ઞાઓને દૃઢતાપૂર્વક પુરસ્કૃત કરતાં. એમણે ગૃહસ્થોને પ્રાચીન ઋષિઓને અનુસરવાનો આદેશ આપ્યો, તથા પતિ, પત્ની અને સંતાનોને ભગવદ્‌સ્વરૂપ સમજીને તેમની સેવા કરવાનો આદેશ આપ્યો. એમણે પ્રત્યેક વ્યક્તિને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના એક ચોક્કસ નિશ્ચિત સમય (ઓછામાં ઓછી ૧૦ મિનિટ) ભગવદ્‌સ્મરણ માટે રાખવાનો આગ્રહ કર્યો, પછી તે વ્યક્તિ ગમે તેટલી વ્યસ્ત કેમ ન હોય.

ભક્તો દ્વારા "શ્રી શ્રી આનન્દમયી સંઘ" અને "શ્રી શ્રી આનન્દમયી ચેરિટેબલ સોસાયટી"ની સ્થાપના એમના ભારતભરના ૨૮ આશ્રમોના વ્યવસ્થિત કાર્યભાર માટે કરવામાં આવી. તેમ જ એ જ સંઘ અને સોસાયટી અત્યારે વારાણસીમાં એક હૉસ્પિટલ, અનેક દવાખાનાંઓ, ગુરુકુલ પદ્ધતિ પ્રમાણે ચાલતી અને છતાં આધુનિક સમયને ખ્યાલમાં રાખતી અને સંસ્કૃત ભાષાના શિક્ષણને ખાસ સ્થાન આપતી શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે. કેટલીયે વિદ્યાર્થીનીઓ આચાર્યની પદવી મેળવે છે અને કેટલીક મહામહોપાધ્યાય (ડૉક્ટર)ની પદવી પણ મેળવે છે. શ્રી શ્રી માના ઉપદેશને આવરી લેતું 'આનંદ વાર્તા' સામયિક કલકત્તા પ્રકાશન વિભાગ દ્વારા બંગાળી, હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થાય છે. આ જ વિભાગ માને લગતા પુસ્તકોનું પ્રકાશન પણ કરે છે. સંઘ દ્વારા આયોજિત ધાર્મિક ઉત્સવોમાં શિરમોર સમો છે વાર્ષિક "સંયમ મહાવ્રત"નો ઉત્સવ. આમાં એક સપ્તાહ સુધી સાધકો સામૂહિક સાધના, ધ્યાન કરે છે. ધાર્મિક પ્રવચનોનું શ્રવણ કરે છે; ભજન કીર્તન કરે છે, વાણી વર્તન

અને આહારમાં સંયમનું પાલન કરે છે.

નૈમિષારણ્યમાં શ્રી માની પ્રેરણાથી પૌરાણિક અને વૈદિક અભ્યાસ અને સંશોધન માટેની સંસ્થા ૧૯૭૬માં સ્થાપવામાં આવી છે.

માએ કેટલાક વૈદિક યજ્ઞો પણ કરાવ્યા જેમાં ૧૯૭૪થી ૧૯૫૦માં વારાણસીમાં કરાવેલો મહાયજ્ઞ અને કનખલમાં ૧૯૮૧માં કરાવેલો અતિરુદ્ર મહાયજ્ઞ ખાસ નોંધપાત્ર છે.

ઘણા વિદેશવાસી મુમુક્ષુઓ પણ માથી પ્રભાવિત થયા છે. આધ્યાત્મિક વિષયોના પુસ્તકો લખવા માટે અને આધ્યાત્મિક ફિલ્મો બનાવવા માટે સુપ્રસિદ્ધ એવા ફ્રાન્સના Arnaud Desjardins લખે છે : ''માતાજી પાસેથી મને મળી મારી પોતાની સાચી ઓળખાણ : હું પોતે. હું મૃત હતો અને જીવંત થયો. હું હાડમાંસ અને ચામડીનો બનેલો જન્મ્યો હતો અને હવે આત્મસ્વરૂપે પુનર્જીવન પામ્યો.'' જર્મન નવલકથાઓનાં લેખિકા Melita Maschmann કહે છે. ''ઈશ્વરે મને શ્રી માતાજીમાં પોતાપણાની નિકટતાથી 'તેના' દર્શન કરાવ્યાં.''

ઇંગલેન્ડના Dr. Collin Turnbull કહે છે : ''જે કોઈ તેમની પાસે આવે તે પ્રત્યેકને માટે માતાજી પાસે એક સંદેશ છે, પરંતુ માના હોવા માત્રથી જ મા પોતે સમગ્ર માનવજાત માટે એક સંદેશ છે.''

''એકે એકને આનન્દમયી માના પ્રેમમાંથી પોતાનો ભાગ મળે છે અને તે બધાંને માનો પૂર્ણ પ્રેમ મળે છે.''

— ◆ —

## નિવેદન

ઉનાળાની રજાઓ દરમિયાન ૧૯૪૩ના મે-જૂન માસમાં હું અલ્મોડા હતી ત્યારે મને શ્રી માતાજીનાં પહેલવહેલા દર્શન થયાં. તેમના વિષે મને અનેક લોકો પાસેથી સાંભળવા મળેલું અને પ્રત્યેકે તેમના અંગે બહુ ઊંચો અભિપ્રાય આપેલો, પરન્તુ તે છતાં હું તેમને મળવા કોઈ ને કોઈ કારણસર જઈ શકી ન હતી. ખરેખર તો મારી શોધ આધ્યાત્મિક માર્ગદર્શન માટેની હતી પરન્તુ હું જેને મળવા ઝંખું છું તે જ શ્રી મા હોઈ શકે તેવો વિચાર મને આવ્યો જ ન હતો. તેથી તેમને મળવાની મને કોઈ જ ઉતાવળ ન હતી.

એક સવારે હું ફરતી ફરતી અલ્મોડા નજીક કાલીમઠમાં ગઈ. ત્યાં એક ડેનિશ સાધુ રહેતા હતા. તેમણે મને કહ્યું, ''શ્રી માતાજી અત્યારે પાતાલદેવીમાં છે. તમે પણ વળતાં ત્યાં થઈને જાઓ તો કેવું ? તેમની આજુબાજુમાં કોલાહલ ઘણો છે પરન્તુ તેઓ પોતે તો સાચુકલા છે.'' આ ''સાચુકલા'' દ્વારા ''સત્ય'' શું કહેવા માંગતા હશે તે મને સમજાયું નહિ પરંતુ હું પાતાલદેવી ગઈ તો ખરી જ.

તે સમયે કદાચ આશ્રમ હજી બંધાયો ન હતો, અથવા તો કદાચ તેનો થોડો ભાગ જ બંધાયો હશે, કેમ કે અત્યારે લાગે છે તે કરતાં તે વખતે તે બહુ જુદો લાગતો હતો. આસપાસના ઘાસ પર બેઠેલા ગણ્યાગાંઠ્યા લોકોની વચ્ચે, ખુલ્લામાં, કાથીના ખાટલા પર શ્રી માતાજી બેઠાં હતાં. ખભા પર અને પીઠ પર પથરાયેલા ખુલ્લા કેશરાશિથી સુશોભિત, જાજ્વલ્યમાન મુખવાળાં, શુચિસ્મિતા માતાજી આનંદમૂર્તિ, સૌંદર્યમૂર્તિ દેખાતાં હતાં. તેમણે મને સંબોધીને થોડાક શબ્દોનું ઉચ્ચારણ કર્યું અને તરત જ મને લાગ્યું કે તેઓ મારી સાથે એક અપરિચિતની જેમ નહિ પરન્તુ ચિરપરિચિત વ્યક્તિની જેમ વર્તે છે. ''તેઓ ખરેખર અતિ સુન્દર લાગે છે,'' મેં વિચાર કર્યો, ''પરન્તુ માત્ર એટલાથી જ મને સહાય થશે નહિ.'' તેમના વિષે વધુ જાણકારી મેળવવાનો કોઈ માર્ગ મને સૂઝતો ન હતો. બંગાળી તો મને બિલકુલ આવડતું ન હતું, ને જે ભાંગ્યું તૂટ્યું હિન્દી હું જાણતી હતી તે ગંભીર ગહન વાતચીત માટે પર્યાપ્ત ન હતું. અંગ્રેજીમાં 'સદ્‌વાણી' નામે એક નાનકડી પુસ્તિકા સિવાય શ્રી મા વિષે કોઈ પુસ્તક ન હતું અને

'સદ્વાણી' પણ અપ્રાપ્ય હતું. વળી, શ્રી માતાજી ખૂબ પ્રવાસ કરતાં અને કોઈ એક સ્થળે લાંબો સમય રહેતાં નહિ. મને બાળપણથી જ દરેક વસ્તુનું પરીક્ષણ કરવાનું, કોઈના અધિકારને એકદમ ન સ્વીકારવાનું શીખવવામાં આવ્યું હતું. મને સૂક્ષ્મ નિરીક્ષણ કરવાનું, માપવાનું, વિચારવાનું અને અંતે જાતતપાસથી શોધી કાઢવાનું શીખવવામાં આવ્યું હતું. વળી મેં કહેવાતા ગુરુઓ વિષે અને બની બેઠેલા મહાત્માઓ વિષે બહુ સાંભળ્યું હતું. સાચેસાચી પવિત્રતા અને સ્વાનુભૂત જ્ઞાન અથવા આના જેવા લાગતા કોઈ ભળતા જ દેખાડા વિશે મેં ઘણું, ઘણું સાંભળ્યું હતું.

બીજી એક બાબત પણ મારી વિરુદ્ધ હતી. મેં યુરોપિયન પોષાક પહેર્યો હતો. સોલર ટોપી, જોડાં, મોજાં પહેર્યાં હતાં અને એક હાથમાં હેન્ડબેગ અને બીજા હાથમાં પર્વતારોહણ માટેની લાકડી હતાં. શ્રી માના પરિવેશની સાથે મારા દેખાવનો જાણે કે કોઈ મેળ ખાતો ન હોય તેવું લાગતું હતું અને માની આજુબાજુ વીંટળાઈ વળેલાં લોકોની અચરજભરી નજરોથી મને અકળામણ થતી હતી. તેમ છતાં એમાંના બે કે ત્રણ જણનાં મુખ પર પ્રકાશિત આંતરિક સૌંદર્ય અને શુચિતાની આભાથી હું અંજાઈ હતી તે મને સ્પષ્ટ યાદ છે. પંદરેક મિનિટ પછી હું જવા માટે ઊભી થઈ. માતાજીએ મારા આમ ઉતાવળે ચાલી જવા વિષે કંઈક કહ્યું પરન્તુ મેં કહ્યું કે મારે પાછું કેન્ટોનમેન્ટ સુધી પહોંચવા માટે ત્રણ માઈલ ચાલીને જવાનું હોઈ મને મોડું થતું હતું.

❑ ◆ ❑

ત્યાર પછી કેટલાક માસ પછી વારાણસીમાં રાજઘાટ સ્કૂલમાં, હું શિક્ષિકા હતી ત્યાં, મને માતાજીના પુનઃ દર્શન થયાં. એક રવિવારે હું અસ્સી ઘાટ પર કેટલાક મિત્રોને મળવા ગઈ, ત્યાં ગંગામાં એક શિકારામાં (હાઉસબોટમાં) નિવાસ કરતા વિખ્યાત મહાત્મા શ્રી હરિબાબાને મળવાનો પણ મારો હેતુ હતો. પ્રખ્યાત વીણાવાદક શ્રી બાસુ પણ મારા મિત્રોને ઘેર આવેલા હતા. તેમણે કહ્યું, 'શ્રી આનંદમયી મા અત્યારે નજીકમાં પધાર્યા છે અને અમે સહુ તેમનાં દર્શને જઈએ છીએ. તમે અમારી સાથે આવશો ?'' હું તરત જ સંમત થઈ.

માતાજી ગંગાજીને કિનારે એક મંડપ નીચે વિશાળ જનસમુદાયની વચ્ચે વિરાજમાન હતાં. પછીથી મને જાણવા મળ્યું તેમ, આ ભવિષ્યના શ્રી આનંદમયી આશ્રમનું સ્થાન હતું. જમીન લેવાઈ ગઈ હતી પરન્તુ મકાનોનું બાંધકામ આરંભાયું ન હતું. કીર્તન ચાલતું હતું. કેટલાક ગાનારાઓ વેદીની આજુબાજુ ગોળાકારમાં ઘૂમતા હતાં. તે વખતે હું આવી પ્રેક્ષણીય ઉપાસના પદ્ધતિથી ટેવાયેલી ન હતી, તેથી મને અતડું અતડું લાગતું હતું. માતાજી તો પ્રવેશદ્વારથી બહુ દૂર બેઠેલાં હતાં, અને જેટલી જગ્યા હતી તે ખીચોખીચ ભરાઈ ગયેલી હોવાથી તેમની પાસે જવાનું સાવ જ અશક્ય લાગતું હતું. અમે થોડી વાર દૂર ઊભા રહ્યાં. ત્યાં અચાનક મારી એક વિદ્યાર્થીનીની માતા જે શ્રી માતાજીની ભક્ત હતી તે આ ભીડમાંથી બહાર આવી, મારો હાથ કચકચાવીને પકડીને વધુ કંઈ કર્યા વિના મને શ્રી માની સન્મુખ લઈ ગઈ. ત્યાં કોઈક રીતે શ્રી માની બાજુમાં જ મારી જગ્યા કરીને મને તેણે બેસાડી દીધી. સેંકડો નરનારીઓની દૃષ્ટિ મને તીરની જેમ વીંધતી હોય તેવું લાગ્યું અને એ વખતે મને થયું કે જાદુથી કોઈ મને અદૃશ્ય કરી શકે તો હું જે માગે તે આપું પણ હું માતાજીની સમીપમાં હતી. તેમણે મારા પ્રતિ પ્રોત્સાહક સ્મિત કર્યું અને ગયા ઉનાળામાં આલ્મોડામાંની મારી ટૂંકી મુલાકાત પણ યાદ કરી. આટલી ભરચક ભીડ અને મને સંક્ષુબ્ધ કરી દે એવા ગાયન-વાદનના મોટા અવાજ છતાં મને સ્પષ્ટપણે લાગ્યું કે શ્રી માતાજીમાં એવું કોઈ વિશિષ્ટ તત્ત્વ છે જેનો પાર મારાથી પમાતો નથી પરન્તુ જેનું આકર્ષણ અપરિહાર્ય છે અને જેની પાછળ જવા જેવું છે.

૧૯૪૪ના શિયાળામાં લુઈ થોમસન (Lewis Thompson) નામના દક્ષિણ ભારતમાં નિવાસ કરતા એક અંગ્રેજ સાધક રાજઘાટ શાળામાં રહેવા આવ્યા. શાળામાં હું તેમના સિવાયની એકમાત્ર યુરોપિયન વ્યક્તિ હોવાથી તેમનું સ્વાગત કરવાની અને તેમની સગવડ સાચવવાની મને વિનંતી કરવામાં આવી. તેઓ સાચા સત્યાન્વેષક છે અને હકીકતે નિર્મમપણે એકનિષ્ઠ છે એ શોધી કાઢતાં મને જરાય વાર ન લાગી. ૨૩ વર્ષની ઉંમરે તેઓ સિલોન આવ્યા અને એક વર્ષ પછી એવા આધ્યાત્મિક માર્ગદર્શન માટે દક્ષિણભારત તરફ આગળ વધ્યા જેની શોધમાં ઈંગ્લેન્ડ

અને ફ્રાન્સમાં નિષ્ફળતા મળી હતી. તેઓ ટુકડે ટુકડે સાત વર્ષ શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં રહ્યા હતા, અને દક્ષિણના એક પ્રસિદ્ધ જ્ઞાની ગુરુ પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. જે કોઈ આધ્યાત્મિક રીતે ઊંચી ભૂમિકા પર છે તેવું માનવામાં આવતું હોય તે પ્રત્યેકને પ્રત્યક્ષ મળીને તેમનો નિકટથી પરિચય કરવાનું લુઈ થોમસને નક્કી કર્યું હતું. શ્રી અરવિંદ આશ્રમમાં બે વાર લાંબા ગાળા સુધી નિવાસ કર્યો હતો. સ્વામી રામદાસજી અને મા કૃષ્ણાબાઈ, જે. કૃષ્ણમૂર્તિ, શ્રીલંકાના શ્રી જોગસ્વામી અને બીજા અનેક અજ્ઞાતવાસમાં રહેતા અને મુશ્કેલીથી મુલાકાત આપતા મહાત્માઓને તેઓ મળ્યા હતા. શ્રી લુઈને પુસ્તકિયા તાર્કિક જ્ઞાન અને સાચેસાચા જ્ઞાનની સહજ ઉપલબ્ધિ વચ્ચેનો ભેદ આંતરસૂઝના અજવાળે જ દેખાતો. મેં તેમને પૂછ્યું કે, દક્ષિણ ભારતમાં તેમને આટલું બધું પ્રાપ્ત થયું હોવા છતાં શા માટે ઉત્તરમાં આવ્યા છો ? ત્યારે તેમણે એક કારણ એ આપ્યું કે ઉત્તર ભારતમાં વિહાર કરતા એક પવિત્ર માતાજીની છબિ જોઈને તેમણે તીવ્ર આકર્ષણ અનુભવ્યું. ગુરુને પૂછતાં પ્રત્યુત્તર મળ્યો; ''જઈને તેમને મળ.'' તેમણે મને તે ફોટો બતાવ્યો. ''ઓહો ! આ તો શ્રી આનંદમયી મા છે.'' હું બોલી ઊઠી ''આમનાં દર્શન તો મેં કર્યાં છે.'' તેમણે મારી વાતને અનુમોદન આપતાં કહ્યું, ''હા, આ જ નામે તેઓ ઓળખાય છે.'' મેં કહ્યું, ''હું માનું છું કે શ્રી મા અત્યારે વારાણસીમાં જ છે. શાળાના એક શિક્ષક તેમને મળવા વારંવાર જાય છે.'' બીજે દિવસે શ્રી થોમસન શ્રી શ્રી માનાં દર્શને ઉપડી ગયા, તે પછી આખો દિવસ પાછા રાજઘાટ દેખાયા જ નહિ. અહીં મારે એ સ્પષ્ટ કરવું જોઈએ કે શ્રી થોમસન મેધાવી, તીક્ષ્ણ વિવેકબુદ્ધિ ધરાવનાર માણસ હતા. તે તરતમાં પ્રસન્ન થઈ જાય તેવા ન હતા. જે ઉત્તમોત્તમ હોય તેને જ તેઓ સ્વીકારવા બીજું બધું ટાઢાશથી બાજુ પર મૂકી દેતા.

મેં જ્યારે તેમને શ્રી માતાજીની તેમના પર પડેલી છાપ વિશે પૂછ્યું ત્યારે તેમનો હર્ષોલ્લાસ જોઈને મને અનહદ આશ્ચર્ય થયું. તેમણે કહ્યું; ''શ્રી માને જોતાંવેંત મને ખાતરી થઈ ગઈ કે મારી અંતઃપ્રેરણા સાચી હતી - જો કે મને મારી અપેક્ષા કરતાં ઘણું વધારે મળ્યું છે. શ્રી મા જ્યારે ભોજન અને આરામ માટે ગયા ત્યારે મેં આજુબાજુમાં જ સમય

પસાર કર્યો અને સાંજના દર્શનના સમયે પાછો પહોંચી ગયો અને મોડી રાત સુધી ત્યાં જ રોકાયો. તેમના જેવું મેં ક્યારેય કોઈ જોયું નથી. તેમનામાં લેશમાત્ર અહંકાર શોધ્યો જડે તેમ નથી. તેમની દૃષ્ટિ તમારી આરપાર વીંધીને દૂરદૂર પેલે પારના નિગૂઢ અજ્ઞાત પ્રદેશને જુએ છે. તેમનો અવાજ લોકોત્તર છે, તેમની ચાલ પણ એવી જ છે.'' મેં પૂછ્યું : ''તમને એક જ દિવસમાં કઈ રીતે આટલો બધો ખ્યાલ આવે ? તમે તો તેમની સાથે વાતચીત પણ કરી નથી.'' (થોમસનને બંગાળી કે હિન્દી આવડતાં ન હતાં.) ''મને દૃઢ પ્રતીતિ છે.'' તેમણે ભારપૂર્વક કહ્યું : ''મેં ભારતભૂમિના મહાન નર-નારીઓનો અભ્યાસ કરવામાં ઘણાં વર્ષો વિતાવ્યાં છે અને એ બાબતમાં મારી દૃષ્ટિ કેળવાઈ ગઈ છે. વાત કરવાની કોઈ આવશ્યક્તા જ નથી. મેં અત્યંત કાળજીપૂર્વક શ્રીમાનું નિરીક્ષણ કર્યું છે. આવી મૂર્તિમંત, ઘનીભૂત પૂર્ણતાને મેં ક્યારેય પ્રત્યક્ષ નિહાળી નથી. તેમનામાં ક્યાંય જરા જેટલી યે ક્ષતિ નથી, કોઈ ખામી નથી.'' મેં જે માણસને સંપૂર્ણતયા લાગણીવેડાથી મુક્ત અનાસક્ત અને એક લક્ષ્યને નજર સામે રાખનાર તરીકે જાણ્યા હતા તેમને આ રીતે વાત કરતા સાંભળવાથી મારા મન પર તેની ગાઢ અસર પડી. મારી જાતે જ માતાજીને ઓળખવાનું અને તેમને નિકટથી જાણવાનું મને એટલું બધું મન થવા લાગ્યું કે મારાથી હવે રાહ જોવાય તેમ ન હતી; પરંતુ એટલી ઝડપથી મને તક મળી નહીં.

એ ઉનાળામાં હું છેક જૂનમાં અલ્મોડા આવી હતી. માતાજી તેમના ભક્તગણ સાથે દહેરાદૂન છોડવાની તૈયારીમાં હતા. માતાજી કેટલાક મુલાકાતીઓ સાથે હિન્દીમાં જુસ્સાથી ચર્ચા કરતાં હતાં, પણ અરેરે, હું તો એમાંથી માંડ થોડાક શબ્દો પકડી શકું, પછી અર્થ તો ક્યાંથી ગોઠવું ? થોડી વાર પછી માતાજી ત્યાંથી નીકળી ગયાં. તે દિવસે તેમની આટલી અમથી ઝાંખી થવા બદલ પણ મેં મારી જાતને ભાગ્યશાળી માની.

માતાજી ક્યારેક એવું કહેતાં સંભળાય છે, ''દરેક વસ્તુનો એક સમય હોય છે. સમય પાકી ગયા વિના મારી પાસે કોઈ આવી શકતું નથી.'' માતાજીનાં પ્રથમ દર્શન પછી બે વર્ષ પછી મારો ભાગ્યનો સિતારો ચમક્યો જેણે મને માતાજીના સાન્નિધ્યમાં મૂકી દીધી.

૧૯૪૫ના માર્ચ માસના અધગાળામાં થોમસનને તેમના શ્રી લંકાના એક બૌદ્ધ ભિખ્ખુ મિત્રનો પત્ર મળ્યો. તેઓ સારનાથ આવ્યા હતા અને થોમસનને ત્યાં મળવા બોલાવતા હતા. ધોરી માર્ગે સારનાથ તે વખતે રાજઘાટથી દસેક માઈલ જેવું દૂર હતું, પરંતુ જો કેડીએ કેડીએ જઈએ તો ચારથી પાંચ માઈલ થતું. થોમસન ચાલીને સારનાથ જવા નીકળ્યા અને પોતે બીજે દિવસે સવારે પાછા વળવા ધારે છે તેમ કહેતા ગયા. તેઓ સાથે કંઈ જ લઈ ગયા નહોતા છતાં બે દિવસ સુધી પાછા વળ્યા નહિ. ત્રીજે દિવસે બપોર સુધી તેઓ પાછા ન આવ્યા એટલે મેં અને શાળાના આચાર્યે ધાર્યું કે તેઓ ચોક્કસ માંદા પડ્યા હશે. તેઓ બદલવાનાં એક જોડી કપડાં પણ નહોતા લઈ ગયા. તેઓ રાજઘાટમાં જ્યાં રહેતા હતા ત્યાં સામેના ભાગમાં નોકરોની ઓરડીઓમાં એક જણને કોલેરા થયો હતો. તે વખતે સારનાથમાં ફોન ન હતો. ત્યાં જઈને શું થયું તેની તપાસ કરવી તે જ એકમાત્ર ઉપાય હતો. શાળાના દવાખાનામાંથી થોડીક દવાઓ લઈને, સાયકલ રિક્ષામાં બેસીને હું ત્યાં ગઈ.

મેં થોમસનને ત્યાં એક ભિખ્ખુના કમરામાં પ્રસન્નચિત્તે બેઠેલા જોયા. મારી અચરજભરી પ્રશ્નાવલિના ઉત્તરમાં તેમણે કહ્યું : "શ્રી આનંદમયી મા અહીં છે. હું આવ્યો તે સાંજે હું અને મારો મિત્ર તેમનાં દર્શને ગયા હતા. તેમની સાથે વાતચીત કરવાનો મારો ઈરાદો ન હતો. પરંતુ તેમણે મને મારા વિષે પૂછીને વાત કરવાનો આરંભ કર્યો. અહીં એક ભાગ્યે જ મળે તેવા ઉત્તમ દુભાષિયા છે. તેઓ માતાજીને ૧૮ વર્ષથી નિકટથી ઓળખે છે અને તેઓ મા કહે તે ખરેખર સમજીને સારા અંગ્રેજીમાં અનુવાદ કરવાની ક્ષમતા ધરાવે છે." (તેઓ હતા શ્રી જે.સી.મુખરજી, શ્રી ગુરુપ્રિયા દેવીના પિતરાઈ ભાઈ) શરૂઆતમાં તો હું અચકાતો હતો પરન્તુ આરંભનો ક્ષોભ દૂર થઈ ગયા પછી મારાથી એક પછી એક પ્રશ્નો પૂછાતા ગયા. તેમના ઉત્તરોની સૂક્ષ્મતા ખરેખર આશ્ચર્યમુગ્ધ કરી દે તેવી છે. તેઓ લગભગ નિરક્ષર હોવા છતાં તેમના મહાન જ્ઞાન આગળ આપણું બધું ભણતર શરમથી ઝૂકી પડે. રોજ સવારે માતાજી, જે.સી.મુખરજી અને હું બેથી ત્રણ કલાક એકાંત વાર્તાલાપ કરીએ છીએ. શ્રી માએ પોતે જ મને આ અદ્વિતીય તક આપી. મારા મનને મૂંઝવતો એકે એક પ્રશ્ન જ્યાં

સુધી હું તેમની સામે ન મૂકું ત્યાં સુધી મારાથી આ સ્થળ કેવી રીતે છોડાય ? હવે જોકે બહુ વાતચીત બાકી નથી અને કદાચ હું આવતી કાલે રાજઘાટ પાછો ફરીશ.''

તે સંધ્યા મેં શ્રી માતાજીના સાન્નિધ્યમાં બિરલા ધર્મશાળાની અગાશીમાં વિતાવી. સારનાથમાં શ્રી માતાજીની આજુબાજુ ભીડ ન હતી, માત્ર તેમના થોડાક સહવાસીઓ, વારાણસીથી સારનાથ સુધી આવી શકેલા બારેક ભક્તો અને કેટલાક ભિખ્ખુઓ. નૃત્ય કે કીર્તનનો શોર નહીં, માત્ર અનૌપચારિક શાન્ત મિલન જેવું ત્યાં હતું. આ વખતે મને અતડું અતડું ન લાગ્યું. બધું જ મૈત્રીભર્યું અનુકૂળ લાગ્યું. દસ વર્ષ પહેલાં હું રાજઘાટ આવી ત્યારથી જ મને યાત્રા અને આરામના સ્થાન તરીકે સારનાથ ખાસ અનુકૂળ હતું. ઘણા રવિવારે વહેલી સવારે હું ચાલતી ચાલતી ત્યાં પહોંચી જતી અને પુસ્તકાલયમાં બેસીને બૌદ્ધ ગ્રંથોના વાચનમાં દિવસ ગાળતી, અથવા તો ખુલ્લામાં સ્તૂપ પાસે એ શાન્તિ, એકાન્ત અને તે સ્થાનના પ્રાકૃતિક સૌંદર્યને માણતી બેસી રહેતી અને આજે હજારો વર્ષ પછી પણ ભગવાન બુદ્ધની ઉપસ્થિતિ કેટલી તીવ્રપણે અનુભવાય છે એ વિચારીને વિસ્મય અનુભવતી. મારી કિશોરાવસ્થાથી જ મને ભગવાન બુદ્ધનું અનેરૂં આકર્ષણ અનુભવાતું. હકીકતે હું પંદર-સોળ વર્ષની હોઈશ ત્યારે મેં તેમના વાર્તાલાપોનો જર્મન અનુવાદ વાંચ્યો હતો. પરન્તુ જ્યાં ભગવાન બુદ્ધે બોધિજ્ઞાન થયા પછીનું તેમનું પ્રથમ પ્રવચન આપ્યું હતું એ જ સારનાથ મારા જીવનના સહુથી વધુ નિર્ણાયક અને મહત્ત્વના વળાંક બિન્દુ માટેનું થાનક બનશે એવી મને સ્વપ્ને ય કલ્પના ન હતી.

શ્રી મુખરજીએ મારી દુભાષિયાની આવશ્યકતા વિષે મને પૂછયું, પરન્તુ હું તો માતાજીની સમીપે બેસીને એ વાતાવરણમાં શ્વાસ લેવા માગતી હતી. બીજે દિવસે સંધ્યા સમયે હું ફરીથી ચાલીને સારનાથ આવી, રાત રોકાઈ અને ઉષ:કાળ થાય ત્યાં તો શાળાનો સમય સાચવવા રાજઘાટ ચાલીને ગઈ. આ ક્રમ મેં લગભગ દરરોજ ચાલુ રાખ્યો. પ્રસંગોપાત એવું પણ બનતું કે માતાજી વારાણસી જતા રહ્યાં હોય ને બીજા દિવસ સુધી સારનાથ પાછા ન ફરવાનાં હોય. શ્રી મુખરજી દરરોજ અલ્હાબાદ પાછાં ફરવાની ધમકી આપે પણ હું આવીને જોઉં તો સારનાથમાં જ હોય !

૨૪મી માર્ચને દિવસે શનિવાર હતો અને હું શનિ-રવિ ત્યાં જ ગાળવાનું નક્કી કરીને આવી હતી. મેં સાંજના ભક્તોના મિલનમાં શ્રી માતાજીને એક પ્રશ્ન પૂછ્યો અને મોડી રાતે તેમની સાથે લાંબો એકાંત વાર્તાલાપ થયો. તેમણે જે કંઈ કહ્યું તે એટલું બધું સીધુંસાદું અને સંપૂર્ણપણે પ્રતીતિકર હતું કે શંકાને કોઈ સ્થાન ન હતું. ''મને આ મારી જાતે જડી ન આવ્યું એ કેવું વિચિત્ર કહેવાય.'' મને વિચાર આવ્યો : ખરેખર આ બધું કોઈ બીજું મને કહેતું હોય તેવું ન હતું પરંતુ મારા આત્માએ જ મારી સાથે વાત કરી હોય તેવું હતું. આ કંઈ સમજાવી શકાય નહિ, અનુભવવું પડે. એ શબ્દાતીત અનુભવ હતો પરંતુ તે કારણે જ વધારે સચ્ચાઈભર્યો હતો. માતાજીએ જે કંઈ કહ્યું તે તેમની કોઈ ગહન આંતરિક ભૂમિકા પર અથવા તો બધી જ ભૂમિકાઓથી પર જે કંઈ તે જ સમયે બન્યું તેની પ્રગટ અભિવ્યક્તિ હતી. બીજી સવારે કેટલીક વિગતોની સ્પષ્ટતા માટે મારે માતાજી સાથે ફરીથી વાર્તાલાપ થયો.

માતાજી સાથેના વાર્તાલાપ દરમિયાન મારા કુટુંબમાં કોઈના પાલનપોષણની મારી જવાબદારી અંગે તેમણે મને પૂછ્યું. થોડાક અઠવાડિયાં પછી, મારા એકમાત્ર નજીકના સ્વજન એવા મારા વૃદ્ધ પિતાના મૃત્યુની જાણ કરતો પત્ર મને મળ્યો. માતાજીએ મારી સાથે બિરલા ધર્મશાળાની અગાશી પર સારનાથમાં વાતચીત કરી તે પછી ત્રણ દિવસમાં તેઓ મૃત્યુ પામ્યાં હતાં. માતાજીના સાન્નિધ્યનો લાભ લેવાનો સમય આવી ચૂક્યો કે તરત જ મારા સાંસારિક સંબંધોનાં બંધન ઓગળી ગયાં હતાં. મારી માતાજી સાથેની પહેલ વહેલી વાતચીત પછી જે અસાધારણ સાહજિકતા અને સ્વાભાવિકતાથી માતાજીએ મારી સમસ્યાનો સ્ફોટ કર્યો તે પ્રતિનું મારું અચરજ હજુ પણ શમ્યું નથી. જ્યાં સતત દ્વિધાભાવ રહેતો હતો ત્યાં હવે હતો સીધો સુસ્પષ્ટ માર્ગ. જાણે કે એક ખુલ્લું દ્વાર મને ચીંધી દેવામાં આવ્યું ન હોય ! તે વખતે મને સમજાયું તેમ તે દ્વાર તો પહેલેથી ત્યાં જ હતું પરંતુ શ્રી માએ તે દર્શાવ્યું તે પહેલા મેં તેની નોંધ જ નહોતી લીધી. તેમણે તો થોડાક સીધાસાદા શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું. કંઈ ન સાંભળેલું, ધ્યાન ખેંચે તેવું તેમાં કંઈ જ ન હતું; છતાં તેની અસરનું પ્રમાણ અમાપ હતું. કદાચ તેની સરખામણી વીજળી સાથે

થઈ શકે, એક ચાંપ દબાવવાથી એક આખું નગર ઝળહળી ઊઠે. માતાજીની વાણી કોઈ સામાન્ય વાણી નથી પરંતુ સમજણને ખોલી નાખે એવી શક્તિ અને પ્રકાશની વાહક વાણી છે, જેને સંબોધીને કહેવાય તેના વ્યક્તિત્વમાં આમૂલ પરિવર્તન આણે તેવી વાણી છે. ચિત્તનું ભ્રમણ ન શમ્યું પરંતુ ચિંતાઓ, ઉપાધિઓ શમી ગઈ, એકાએક જાણે કે ચિંતા કરવાનું કંઈ રહ્યું નહીં. મને આગળનું સોપાન સૂઝતું હતું અને જેમ જેમ હું આગળ વધીશ તેમ તેમ પછીનું સોપાન મને સૂઝયા કરશે એવો આત્મવિશ્વાસ મારામાં જાગ્રત કરવામાં આવ્યો હતો. નવજીવનનો એ આરંભ હતો.

દુભાષિયાની મદદ વિના માતાજી સાથે વાત કરવાની ક્ષમતા કેળવવાની તીવ્રાતિતીવ્ર આકાંક્ષા મારામાં જાગી ઊઠી, તેમના વિષે અને તેમના દેખીતી રીતે સાવ સરળ છતાં સૂક્ષ્મગ્રાહી, દૂરગામી ઉપદેશો વિષે વધુ જાણવા શોધવાની ઝંખના થવા લાગી. આ રીતે જેટલો અવકાશ મળે તેટલો મેં હિન્દી ભાષાના અભ્યાસ પાછળ વિતાવવા માંડ્યો.

બંગાળી શ્રી માની માતૃભાષા હોવાથી તે વધુ સંતોષકારક નિવડી હોત, પરંતુ મને હિન્દી લિપી આવડી ગઈ હતી અને ભાષાનું પ્રાથમિક જ્ઞાન પણ મેળવી લીધેલું હતું તેથી, પ્રકૃતિથી જ મારું ધૈર્ય કંઈક ઓછું હોવાથી મેં ઝડપી માર્ગ ગ્રહણ કર્યો. એક વર્ષના સતત પરિશ્રમ પછી માતાજી બોલે તે સારી રીતે સમજતાં અને કોઈ સહાય વિના તેમની સાથે વાતચીત કરતાં મને આવડ્યું. આ સિદ્ધિ હાંસલ કરી કે તરત જ માતાજીએ મને વિદેશીઓ અને દક્ષિણ ભારતીઓને માટે અનુવાદક તરીકે વારંવાર બોલાવવા માંડી. માતાજીના ઉપદેશની સાર્વત્રિકતા, તેના અનંત લક્ષણો અને વિવિધ રૂપોની મહત્તાનો પ્રત્યક્ષ અનુભવ કરવાની ક્ષમતા આ કારણે આવી. પ્રત્યેક વ્યક્તિની પ્રકૃતિ, માન્યતાઓ અને તત્ક્ષણની આવશ્યકતા અનુસાર તેઓ તે વ્યક્તિને પોતાનો ઉપદેશ પહોંચે તે માટે તેનું રૂપાંતર કરતાં - છતાં તેને તે જ ભૂમિકા પરથી સહેજે નીચે ઉતારતાં નહીં. મારી આકાંક્ષા પૂર્ણ થઈ રહી હતી. ધીમે ધીમે, માતાજી તેમના અસ્તિત્વ દ્વારા અને તેમની વાણી દ્વારા જે કંઈ શીખવતાં તે મને પકડાવા લાગ્યું.

વળી, અંગત મુલાકાતોના અનુવાદ કરવાથી વિવિધ દેશોના સાધકોને નજીકથી જાણવાની, તેમની સમસ્યાઓ અંગે, તેમની પદ્ધતિ અંગે અંદરની સૂઝ કેળવવાની મને તક મળી. એક માર્ગના પ્રવાસીઓ માર્ગ પર વારંવાર મળી જાય તો એકબીજા પાસેથી ક્યારેક ઘણું શીખી શકે.

આમ, મારા પ્રયત્નોનું અનેક ગણું ફળ મને મળ્યું. ખરેખર તો મેં ગમે તેટલા પ્રયત્નો કર્યા હોય પરંતુ મારી ઉપલબ્ધિના પ્રમાણમાં તે બધા સાવ જ નગણ્ય હતા.

૧૯૪૫ના નવેમ્બર માસમાં માતાજીની સાથે દિવાળીની રજાઓ ગાળવાની મારી ઇચ્છા હતી. આ પહેલાં એમના એક પણ આશ્રમમાં મેં નિવાસ કર્યો ન હતો. આ વખતે માતાજી દિવાળીમાં વિંધ્યાચળ રહેવાનાં હતાં. યુદ્ધ હજુ પૂરું થયું ન હતું. હું શત્રુરાજ્યની વતની હોવાથી પોલીસની ખાસ પરવાનગી વગર વારાણસી છોડીને ક્યાંય જઈ શકું તેમ ન હતી. મેં પરવાનગી માગતી અરજી કરી અને મને સમયસર પરવાનો મળશે કે કેમ તેના વિચારમાં હતી. મારા આનંદઆશ્ચર્ય વચ્ચે મને જવાબ મળ્યો કે તમારે હવે કોઈ પરવાનાઓની આવશ્યકતા નથી રહેતી ! જો હું પોલીસને મારા પરિભ્રમણ અંગે માહિતગાર રાખું તો પછી હું ભારતભરમાં મને ગમે ત્યાં, બધે જ, પ્રવાસ કરવા માટે મુક્ત હતી !

૧૯૩૯માં યુદ્ધનો આરંભ થયો ત્યારથી મારી ગતિ નિયંત્રણ હેઠળ હતી. એક દિવસ પણ વારાણસી છોડીને જવું હોય તો મારે કારણ સહિત પરવાનો માગવાનો રહેતો. ઘણીવાર પરવાનગી મળતી પરંતુ ક્યારેક ન પણ મળતી. જે ક્ષણે મને માતાજીની સમીપ રહેવાની ઇચ્છાના કારણ સિવાય બીજા કોઈ કારણે ક્યાંય જવાની ઇચ્છા શેષ ન રહી હોય તે ક્ષણે મને જ્યાં મન થાય ત્યાં જવાની મુક્તિ મળે તે શું કેવળ કાકતાલીય ન્યાય ?

વિંધ્યાચળમાં કાલીપૂજાનો ઉત્સવ હતો. આ પહેલા મેં આવી પૂજા ક્યારેય જોઈ ન હતી, એમ જ હું આખી રાતના જાગરણથી ટેવાયેલી પણ ન હતી. તે વખતે માતાજીની આજુબાજુ અત્યારે થાય છે તેટલી બધી ભીડ થતી ન હતી. વળી હું નવાગંતુકા અને તે પણ વિદેશિની

હોવાથી, હું માતાજીને અને પૂજાની વિધિને બરાબર નિહાળી શકું એવી, આગળની સરસ જગ્યાએ મને બેસાડવામાં આવી હતી. જે સ્થળે પૂજા ચાલતી હતી ત્યાં માતાજીની સતત ઉપસ્થિતિ હતી. જે કંઈ બનતું હતું તે પ્રતિ તેઓ એકદમ જાગ્રત-જીવંત હતાં. મેં તેમનું સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કર્યું અને તેમના મુખને ક્ષણે ક્ષણ પરિવર્તન પામતું જોઈને મંત્રમુગ્ધ થઈ ગઈ. તેમની મુખરેખાઓ પર જાણે કે અદ્દભુત ખેલ ભજવાતો હતો. તેઓ માત્ર તેજોમયી સુંદરી લાગતાં હતાં એટલું જ નહીં, પરંતુ એ રાત્રે તો એકદમ નાનાં લાગતાં હતાં - હું સોગંદ ખાઈને કહી શકત કે ષોડષી લાગતાં હતાં ને છતાં મને ખબર હતી કે તેમનો જન્મ ૧૮૯૬માં, લગભગ પચાસ વર્ષ પૂર્વે થયો છે. મારી સમક્ષ બેઠાં છે તે માનુષી છે કે કોઈ દેવી ! મને વિચાર આવ્યો. કોઈ દેવી કેવાં દેખાય તે જાણવાનો દાવો હું ન કરી શકું પરંતુ આ કોઈ મનુષ્યનું મુખ તો ન જ હતું.

વળી તે રાત્રે મારા જીવનની એક બીજી વિલક્ષણ ઘટના પણ ઘટી. મારી બે વર્ષની ઉંમરે મારી મા મૃત્યુ પામ્યાં હતાં. તેમની કેટલીયે તસવીરો મેં નિહાળી હોવા છતાં ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં હું તેમના દેખાવની કલ્પના કરી શકતી ન હતી. આનાથી વિશેષતઃ બચપણમાં, મને ઘણી વિમાસણ થતી. કાલીપૂજા દરમિયાન મારા મનમાં વિચાર ઝબક્યો, ‘‘મેં લાંબા સમય પહેલાં આ મુખ ક્યાંક જોયું છે - અરે ! મારી મા કેવી દેખાતી હશે એની હવે મને ખબર પડી ગઈ, આ (માતાજી) મારી મા છે !'' મારી ઉપર ગાઢ અને ચિરકાલીન અસર પાડનારો આ એક વિલક્ષણ અનુભવ હતો, સમજાવી ન શકાય તેવો, ભૂલી ન શકાય તેવો.

પૂજા પૂરી થઈ ત્યારે મને કહેવામાં આવ્યું કે ત્રણ વાગ્યા છે. ત્રણ વાગી ગયા ? શું આ શક્ય હતું ? અમે રાતના દસ વાગ્યાના પૂજાનાં દર્શન કરતાં હતાં. હું ખરેખર આ એક જ સ્થળે ચોંટીને પાંચ પાંચ કલાક સુધી બેસી રહી હતી ? હું ઉભી થઈ ત્યારે પણ મને ઊંઘ આવતી ન હતી અને સમય આટલી ત્વરાથી કઈ રીતે પસાર થઈ ગયો એ ગહન ઘટના મને સમજાતી ન હતી. પાંચ કલાક પૂરા ! સાવ અસંભવ લાગતું હતું ! હું મારા ઓરડામાં જઈને આડી પડી. મારું નામ દઈને કોઈએ

બારણે ટકોરા દીધા ત્યારે હું હજુ તો ઊંઘી નહોતી. જોયું તો શ્રી ગુરુપ્રિયા દેવી એક હાથમાં આસન સહિત ઊભેલાં; ''માતાજીએ આ મોકલાવ્યું છે.'' બરાબર ચાર વાગ્યા હતા, આશ્રમમાં ધ્યાન માટે જાગવાનો સમય થયો હતો. 'માતાજીની સૂક્ષ્મતા કેવી અદ્‌ભુત છે !' મેં વિચાર્યું. 'આ સ્મરણીય રાત્રિમાં મને આસનની ભેટ આપવી અને તે ય આ સમયે, મને યાદ કરાવવા માટે કે આ સૂવાનો નહીં પરન્તુ ધ્યાનમાં બેસવાનો સમય છે.' હું તેમનો આભાર માનવા બહાર નીકળી. માતાજી આરામ કરવા ગયાં ન હતાં. લોકોથી વીંટળાયેલાં, વ્યસ્ત હતાં. તેમણે મારા પ્રતિ સ્મિત કર્યું; ''આસન વગર જમીન પર બેઠાં બેઠાં તને ઠંડી લાગતી હતી ને !'' તેમણે કહ્યું. આટલાં વર્ષોથી વપરાઈને જીર્ણ થયેલું એ આસન હજી પણ મારી પાસે છે.

કદાચ ૧૯૪૭માં થોમસનને પોંડિચેરીથી એના એક મિત્રનો પત્ર મળ્યો. તેણે તેમાં આફ્રિકામાં લાંબો સમય રહેલા અને અંતે પોતાની સ્વપ્નભૂમિ ભારતમાં ટૂંક સમય માટે આવેલા એક ફ્રેન્ચ વૃદ્ધ સજ્જનની સંભાળ લેવાની ભલામણ કરી હતી. આ ફ્રેન્ચ વૃદ્ધ પવિત્ર વારાણસી નગરીમાં થોડા દિવસ ગાળવા માગતા હતા. તેઓ અંગ્રેજી પણ ખાસ જાણતા નહોતા અને હિંદીનો તો એક શબ્દ પણ તેમને આવડતો નહોતો. પેલા મિત્રે થોમસનને પૂછાવ્યું હતું કે તમે આ મહેમાનને મદદ કરી શકો કે કેમ ? તેમને જોવા લાયક સ્થળો વગેરે સાથે રહીને બતાવી શકો કે કેમ ? જ્યારે તે ફ્રેન્ચ સજ્જન આવ્યા અને થોમસને જાણ્યું કે એ તો મુમુક્ષુ છે, સ્વામી વિવેકાનંદનાં પુસ્તકોની સહાયથી ત્રીસ ત્રીસ વર્ષથી ધ્યાન કરે છે, ત્યારે તેણે તેમને કહ્યું, ''આ જોવા-ફરવાથી તમને શું પ્રાપ્ત થશે ? તમારે માટે મળવા યોગ્ય તો છે શ્રી આનંદમયી મા'' એ વૃદ્ધને કાને અત્યાર સુધી શ્રી માનું નામ પડ્યું ન હતું. પરંતુ જ્યારે તેને મા વિષે વધુને વધુ જાણવા મળ્યું ત્યારે તેને પણ માનાં દર્શનની તીવ્ર ઉત્કંઠા થઈ. વિઘ્ન માત્ર એક જ હતું : એ સમયે માતાજી વારાણસીમાં હતાં નહિ અને બે દિવસમાં તો એ સજ્જનના 'વિસા'ની મુદત પૂરી થતી હતી. ''હું મારો ભારતમાં નિવાસનો સમય આમ લંબાવવાનું જોખમ ખેડી ન શકું.'' તેમણે કહ્યું, ''મારા કાગળિયાં વ્યવસ્થિત કરાવવા માટે મારે

તરત જ દિલ્હી જવું પડે અને પછી ભારત છોડીને નીકળી જવું પડે, નહિ તો મારે સત્તાવાળાઓ સાથે અકારણ ગંભીર સંઘર્ષ થાય.'' પરંતુ થોમસન આવી દલીલો સાંભળે એવા માણસ ન હતાં. ''નિરર્થક વાત છે !'' એમણે ભારપૂર્વક પ્રતિવાદ કરતો ઉત્તર આપ્યો : ''વિસા, પોલિસ, સત્તાવાળાઓ વગેરે વગેરે મનનું સર્જન છે. જે ક્ષણે મનુષ્ય સત્ તત્ત્વ પ્રતિ અભિમુખ થાય છે તે ક્ષણે આ બધી ભૂતાવળમાં કંઈ કરવાની તાકાત રહેતી નથી, અરે, એ બધાનું અસ્તિત્વ પણ એને માટે રહેતું નથી. આ બધી ઔપચારિક વિધિઓની ચિંતા કરવાની તમારે કોઈ આવશ્યકતા નથી, કંઈ જ ઊંધુંચત્તું નહીં થઈ જાય તેવી શ્રદ્ધા રાખો. અત્યારે તમે વારાણસી છોડીને ક્યાંય જઈ શકો જ નહીં. માતાજી થોડા દિવસમાં ગમે ત્યારે આવે તેમ છે. તમારે પ્રતીક્ષા કરવી જ પડશે.'' થોમસન પ્રસંગ આવે પોતાના સંકલ્પમાં દૃઢ અને ઉગ્ર બની શકે તેવા હતા અને એ વૃદ્ધજનમાં એનો વિરોધ કરવાની હિંમત નહોતી. વળી, થોમસનના સહાય અને માર્ગદર્શન વિના એમને વારાણસીમાં સાવ અસહાયતાનો અનુભવ થતો હતો એટલે એમણે આ આજ્ઞા માની લીધી.

માતાજી આવ્યાં ત્યારે એ આશ્રમ પર જ પ્રતીક્ષા કરતા હતા. એમણે માતાજીને જોયાં અને માતાજીએ તેમના તરફ વળતી નજર કરી. પછી તો એ માતાજીના મુખ પરથી નજર હટાવી શક્યા જ નહીં. મંત્રમુગ્ધ થઈને સજલ નેત્રે ગંગા કિનારા બાજુની અગાશી પર એ સાવ અવાચક બનીને કલાકો સુધી ઊભા રહ્યાં. સમયની સભાનતા રહી નહિ. મોડી રાત્રે તેઓ રામકૃષ્ણ મિશનના તેમના ઉતારે પહોંચ્યા ત્યારે દરવાજે તાળું હતું. મહામુશ્કેલીએ એમણે દરવાનને જગાડ્યો. બધા જ સૂઈ ગયા હતા અને એમને ખાધાપીધા વગર સૂઈ જવું પડ્યું. પછી થોડા દિવસો તેમણે માના આશ્રમમાં જ ગાળ્યા. તેમને માતાજી સાથે બે-ત્રણ અંગત વાર્તાલાપો થયા. મને થોમસનની મદદથી આ વાર્તાલાપ ફ્રેન્ચમાં અનુવાદિત કરવાનો લહાવો મળ્યો. માતાજીએ એ વૃદ્ધને પૂછ્યું કે ભારત પાછા ક્યારે ફરશો ? એણે કહ્યું : ''મને ભય છે કે એવી તક ફરીથી નહીં મળે. આ વખતે પણ હું બહુ વિટંબણા વેઠીને અહીં સુધી આવ્યો છું. વળી, હું તો ઉમ્મરલાયક માણસ છું.'' (એમની ઉંમર ૭૦ની નજીકની હતી) માતાજીએ કંઈ

પ્રતિભાવ ન આપ્યો. એ સજ્જન દેશમાં પાછા ફર્યા અને 'વિસા'ની મુદત વળોટીને ભારતમાં રહેવા બદલ તેમને કોઈ જ તકલીફનો સામનો કરવો ન પડ્યો.

મુકામે પહોંચ્યા પછી તરત એમના પત્રોનો એકધારો પ્રવાહ શરૂ થયો, વાત એક જ હતી, કહેવાની રીતો અનંત હતી : માતાજીથી દૂર, ભારતથી દૂર રહેવાનો વિચાર માત્ર અસહ્ય લાગતો હતો. યેનકેન પ્રકારેણ પાછા ફરવું જ રહ્યું. સંકલ્પ હોય તો માર્ગ મળે જ. ગમે તે રીતે હું આવીશ, વહેલો કે મોડો, જેટલું વહેલું અવાય એટલું સારું.

ને મજા જુઓ-એમણે સત્વરે માર્ગ શોધી કાઢ્યો. ભારતને સ્વતંત્રતા તાજેતરમાં જ મળી હતી અને પ્રત્યેક દેશને પોતપોતાની એલચીકચેરીનો નવી દિલ્હીમાં આરંભ કરવાનો હતો. તેમના દેશની એલચીકચેરીમાં દિલ્હીમાં તેમણે કોઈક પ્રકારની નોકરી મેળવી લીધી. પરિણામે માત્ર ભારત પાછા ફરવાની જ નહીં પરંતુ પોતાના પૈસા પણ અહીં લાવવાની પરવાનગી તેમને મળી.

તેઓ ભારત આવીને સીધા માતાજીને મળ્યા. તે પછી બે ત્રણ વર્ષ સુધી શ્રી મા જ્યાં જાય ત્યાં તેઓ પાછળ પાછળ જતાં. તેમની વય વૃદ્ધ હોવા છતાં, અને બહુ ભિન્ન પ્રકારની સ્થિર જીવન રીતિથી ટેવાયેલા હોવા છતાં તેમને કોઈ કઠિનતાનો કે અગવડનો વાંધો નહોતો, એ તો જીવનભરની ઝંખનાને અંતે જે ઉપલબ્ધિ થઈ તેનાથી પ્રસન્ન, સુખી હતા.

— ◆ —

